યુ.પી.એસ.સી.માં ભરતી પરીક્ષાના દરેક તબકકે
પ્રોત્સાહન સહાય આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૨૦૧૩/૭૭૫૨૧૩/ ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૭/૧૦/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના તા.૧૫-૫-૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ.૧-૨૦૧૪-૧૫-૬૭૪૨-૪૩.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનાં તા. ૬/૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: પરક્ષ/૧૫૨૦૧૪/ન. બા.-૫૫/ગ

## ઠ રા વ

રાજયમાં અનુસૂચિત જાતિના સ્નાતક/ અનુસ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા મેધાવી વિદ્યાર્થીઓ તેમજ રાજયની સામાન્ય વર્ગની કન્યાઓ માટે યુ.પી.એસ.સી. ની સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી નોકરી મેળવી ઉત્તમ કારકિર્દી બનાવી શકે અને તેમનું જીવનધોરણ સુધારી શકે તે હેતુથી ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ના પત્રથી યુ.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક તબકકે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા પ્રાત્સહન સહાય માટે વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂ.30.૬3 લાખની નવી બાબતનો અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની વહીવટી મંજુરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે યુ.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક તબકકે ગુજરાતના ડોમીસાઇલ હોય તેવા કોઇપણ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના વિદ્યાર્થી /વિદ્યાર્થીની તેમજ અન્ય કોઇપણ જાતિની વિદ્યાર્થીની યુ.પી.એસ.સી.ની સીવીલ સર્વિસ એકઝામની પ્રિલીમ પરીક્ષા પાસ કરે અથવા મેઇન પરીક્ષા પાસ કરે તેઓને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂ.30.૬3 લાખની નવી બાબતનો પાછળના પૃષ્ઠ પરની શરતોને આધીન સને ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર.
20 OCT 2014
આવક નંબર ૨૫૬૦

શરતોઃ

(૧) આ યોજના માટે સહાયની રકમ નીચે મુજબ રહેશે.

| પરીક્ષાનો તબકકો | વિદ્યાર્થી | વિદ્યાર્થીની |
|---|---|---|
| ૧) પ્રિલીમ પરીક્ષા પાસ કર્યેથી | રૂ.૫૦,૦૦૦/- | રૂ.૬૦,૦૦૦/- |
| ૨) મેઇન પરીક્ષા પાસ કર્યેથી | રૂ.૨૫,૦૦૦/- | રૂ.૩૦,૦૦૦/- |

(૨) ૫૦ ટકા સહાયની રકમ રીઝલ્ટ આવ્યા બાદ તુરંત અને બાકીની ૫૦ ટકા રકમ જે તે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને ત્યાર પછીની પરીક્ષા એટલે કે મેઇન અને ઇન્ટરવ્યુમાં હાજરી આપે પછી આપવાની રહેશે.

(૩) આ યોજનામાં આવક મર્યાદાનું ધોરણ રહેશે નહિ.

(૪) આ યોજના અંગે અનુ. જાતિ ના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટેનો અમલ નિયામકશ્રી (અ.જા.ક.) દ્વારા, અનુ. જન જાતિ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટેનો અમલ કમિશનરશ્રી (આદિજાતિ) દ્વારા અને સા. અને શૈ. અને પ. વ. ના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અને કોઇ પણ જાતિ ની વિદ્યાર્થિનીઓ(મહિલા) માટેનો અમલ નિયામકશ્રી(વિ. જા.ક.) દ્વારા કરવાનો રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ અને જરૂર જણાય તો પૂરક જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

અનુસુચિત જાતિ પૂરતો આ ખર્ચ માંગણી નં.૯૫- (અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદ-૨ – ૦૧ – અનુ.જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭- શિક્ષણ, પેટા સદર- (૨૦) – બીસીકે–૩૮- યુનિયન કમિશનમાં ભરતી પરીક્ષાના દરેક તબકકે અનુ.જાતિના અને સામાન્ય મહિલાને પ્રોત્સાહન સહાય યોજના હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

પ્રસ્તુત યોજના માં અનુસૂચિત જાતિ સિવાયના લાભાર્થીઓ માટેનો ખર્ચ જે તે જાતિઓના કલ્યાણ માટેના વિભાગોએ તેઓની આ યોજના હેઠળની બજેટ જોગવાઇ માંથી ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧-૧૦-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. જે. ખડિયા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(આદિજાતિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.રા.કા.મંત્રીશ્રી(સાશૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સંયુકત સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ તરફ આપના તા.૬-૮-૨૦૧૪નાવંચાણે લીધાઠરાવ ક્રમાંક(૨)માં પ્રસ્તુત ઠરાવ મુજબ સુધારા કરવા વિનંતિ સહ
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
અ, અ.૧, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારશ્રી(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ., વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી
પસંદગી ફાઇલ.

નં.અજાક/ગ-૧/૧/૨૦૧૪-૧૫/૨૩૨૭૩ - ૨૩૨૪૮
નિયામક.અનુસૂચિત જાતિ કલ્યાણ
સહ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા.૨૩/૧૧/૨૦૧૪

પ્રતિ,
(૧) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (તમામ)
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (તમામ)
૨/-સરકારશ્રીના ઉકત ઠરાવ જાણ તથા યોગ્ય થવા સારૂ

૨૩/૧૧/૧૪
નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય ગાંધીનગરવતી